મુખ્યમંત્રી કાર્યાલય અને ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો મેઈલ આવ્યો

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને દેશનાં મંદિરોને પણ નિશાન બનાવવાની ધમકી, એજન્સીઓ એલર્ટ

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટને બોમ્બ બ્લાસ્ટ કરી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેઈલ મળતાં રાજ્યની સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. 6 નવેમ્બર, 2026ના રોજ સવારે 8.43 વાગ્યે મોકલવામાં આવેલા આ ધમકીભર્યા ઈ-મેઈલમાં ગુજરાત હાઈકોર્ટ ખાતે બપોરે 1.11 વાગ્યે બોમ્બ વિસ્ફોટ કરવાની ચીમકી આપવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમ તાત્કાલિક ગુજરાત હાઈકોર્ટ ખાતે પહોંચી તપાસ હાથ ધરી હતી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો આ ઈ-મેઈલ barracksb@gmail.com પરથી મોકલવામાં આવ્યો હતો. તેની નકલો ગુજરાત હાઈકોર્ટના સંબંધિત સત્તાવાળાઓ સહિત અન્ય ઈ-મેઈલ સરનામાં પર પણ મોકલવામાં આવી હતી. ધમકીભર્યા સંદેશમાં ગુજરાત હાઈકોર્ટ ઉપરાંત મુખ્યમંત્રી કાર્યાલય અને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ નિશાન બનાવવાની વાત કરવામાં આવી છે. આ ઈ-મેઈલમાં આગામી 21 નવેમ્બરના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજનારા દિલજીત દોસાંઝના કાર્યક્રમ દરમિયાન IED બ્લાસ્ટ કરીને હુમલો કરવાની ધમકીનો પણ ઉલ્લેખ છે. આ ઉપરાંત અમિતાભ બચ્ચનના નિવાસસ્થાનને નિશાન બનાવવાની ચીમકી આપવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે.

આ ધમકીભર્યા ઈ-મેઈલમાં 8 નવેમ્બરથી 27 નવેમ્બર દરમિયાન અલગ-અલગ સ્થળોએ બોમ્બ વિસ્ફોટ કરવાની ધમકી આપવામાં આવી છે. અયોધ્યા, કાશી અને મથુરાનાં મંદિરોને નિશાન બનાવવાની સાથે 9 નવેમ્બરથી 11 નવેમ્બર દરમિયાન મંદિરોમાં નહીં જવાની ચેતવણી પણ આપવામાં આવી હોવાનું જણાવાયું છે. ઈ-મેઈલમાં ખાલિસ્તાન નેશનલ આર્મી (KNA) અને બબ્બર ખાલસા સંગઠનનાં નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નવેમ્બર 1984માં થયેલાં શીખ વિરોધી રમખાણોનો બદલો લેવાની વાત પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ અગાઉ ગુજરાત હાઈકોર્ટને અગાઉ પણ બોમ્બ બ્લાસ્ટની ધમકીઓ મળી ચૂકી છે. 3 નવેમ્બરના રોજ પણ આવી જ ધમકી મળી હતી, જ્યારે સપ્ટેમ્બર મહિનામાં પણ હાઈકોર્ટને નિશાન બનાવવાની ચીમકી આપવામાં આવી હતી. વારંવાર મળી રહેલી આવી ધમકીઓને પગલે સુરક્ષા વ્યવસ્થાને લઈને ચિંતા વધી છે. હાલ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ધમકીભર્યા ઈ-મેઈલની ગંભીરતાથી તપાસ હાથ ધરવામાં આવી છે.

ગુજરાતમાં ૨૦૩૩ સુધીમાં વર્ગ-૧, ૨ અને ૩ની ૨.૧૦ લાખ પોસ્ટ પર ભરતી થશે

ધનતેરસે ૧૧૩ નાયબ સેક્શન અધિકારીઓને નિમણૂક પત્રો, ૬૪ સેક્શન અધિકારીઓને બઢતી

દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતીમાં પસંદ થયેલા ૨૬ ઉમેદવારોને પણ નિમણૂક

ગાંધીનગરઃ ગુજરાતમાં સરકારી નોકરી મેળવવા ઈચ્છતા યુવાનો માટે આગામી વર્ષોમાં ભરતીની મોટી તકો ઊભી થવાની છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪થી ૨૦૩૩ સુધીના સમયગાળામાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની અંદાજે ૨.૧૦ લાખથી વધુ જગ્યાઓ પર સીધી ભરતી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ધનતેરસના પવિત્ર અવસરે સચિવાલયમાં યોજાયેલા કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સીધી ભરતીથી પસંદગી પામેલા ૧૧૩ નાયબ સેક્શન અધિકારીઓને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સચિવાલય સંવર્ગના ૬૪ સેક્શન અધિકારીઓને બઢતી આપવામાં આવી હતી, જ્યારે દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશમાં પસંદગી પામેલા ૨૬ ઉમેદવારોને પણ નિમણૂક પત્રો અપાયા હતા.

નવા નિયુક્ત અધિકારીઓને સંબોધતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સરકારી ભરતીમાં પ્રતિભા, યોગ્યતા અને મહેનતને જ પ્રાધાન્ય આપવામાં આવે છે. કોઈ ભલામણ કે લાગવગ વિના પારદર્શક પ્રક્રિયાના આધારે યુવાનોની પસંદગી થઈ રહી છે. . રાજ્યના મુખ્ય સચિવ એમ.કે. દાસે પણ નવા અધિકારીઓને સંબોધતાં સરકારી કામગીરીમાં ગુણવત્તા, પારદર્શિતા અને સમયબદ્ધતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે ફાઈલો અને અરજીઓનો સમયસર નિકાલ કરવા તેમજ નાગરિકોની સમસ્યાઓનું ઝડપી અને યોગ્ય નિરાકરણ લાવવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં સામાન્ય વહીવટ વિભાગનાં અધિક મુખ્ય સચિવ અંજુ શર્મા સહિત નવનિયુક્ત અધિકારીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

બીએસસી નર્સિંગ સહિતના કોર્સિસમાં છઠ્ઠા રાઉન્ડના અંતે 36,187 બેઠકો ખાલી

ગાંધીનગરઃ બીએસસી નર્સિંગ સહિતના જુદા જુદા કોર્સિસમાં છઠ્ઠા રાઉન્ડની ચોઈસ ફીલિંગના અંતે 36,187 બેઠકો ખાલી રહેવા પામી છે. છઠ્ઠા રાઉન્ડમાં નવા 258 એલોટમેન્ટ કરવામાં આવ્યા છે. આ સાથે કુલ 17039 બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો છે. છઠ્ઠા રાઉન્ડમાં નવા એલોટમેન્ટ થયેલા 258 વિદ્યાર્થીઓને છઠ્ઠા રાઉન્ડની ફી ચુકવણી 12 નવેમ્બર 2026ના રોજ ઓનલાઈન શરૂ થશે, જે 13 નવેમ્બર બપોરે 3:30 વાગ્યા સુધી ઓનલાઈન ફી ચુકવણી કરી શકાશે. આ ઉપરાંત નિયત કરેલી બેંકની શાખાઓમાં પણ ફી ચુકવણી કરી શકાશે. જ્યારે 14 નવેમ્બર 12 વાગ્યા સુધી હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ અને અસલ પ્રમાણપત્રો જમા કરાવવી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

દિવાળી પહેલાં રેશનકાર્ડ ધારકોને ૧.૭ લાખ મેટ્રિક ટન અનાજનું એડ્વાન્સ વિતરણ

ઘઉં અને ચોખાનો ૯૯.૯૦ ટકાથી વધુ જથ્થો FPS સુધી પહોંચ્યો

ચણા, તુવેરદાળ અને ખાંડનો ૧૦૦ ટકા જથ્થો રેશનિંગની દુકાનોમાં ઉપલબ્ધ કરાવાયો

ગાંધીનગરઃ દિવાળીના તહેવાર દરમિયાન રેશનકાર્ડ ધારકોને અનાજ માટે રાહ જોવી ન પડે તે માટે રાજ્યના પુરવઠા તંત્રએ નવેમ્બર-૨૦૨૬નો અનાજનો જથ્થો નિયત સમય કરતાં વહેલો પહોંચાડવાની વ્યવસ્થા કરી છે. રાજ્યભરમાં અંદાજે ૧.૭ લાખ મેટ્રિક ટન અનાજ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો એડવાન્સમાં જ વ્યાજબી ભાવની દુકાનો (FPS) સુધી પહોંચાડી દેવામાં આવ્યો છે. પરિણામે પાત્ર લાભાર્થીઓને દિવાળીના તહેવાર પહેલાં જ નવેમ્બર મહિનાનો મળવાપાત્ર જથ્થો મેળવવાની સુવિધા મળી છે.

ઓક્ટોબર મહિનાથી જ અનાજની ડોર સ્ટેપ ડિલિવરીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. નિગમનાં ગોડાઉનોમાંથી વહેલી સવારથી મોડી રાત સુધી તેમજ જાહેર રજાઓના દિવસોમાં પણ પરિવહન અને વિતરણની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. આ વ્યવસ્થાના પરિણામે ઘઉં અને ચોખા સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રેશનિંગની દુકાનો સુધી સમયસર પહોંચાડવામાં સફળતા મળી છે. પુરવઠા નિગમના આંકડા મુજબ, ઘઉંના ૬૮,૬૦૦ મેટ્રિક ટનના જથ્થા સામે ૬૮,૫૦૩ મેટ્રિક ટન એટલે કે ૯૯.૯૧ ટકા જથ્થો દુકાનો સુધી પહોંચાડાયો છે. તેવી જ રીતે ચોખાના ૮૬,૨૫૨ મેટ્રિક ટનના જથ્થા સામે ૮૬,૧૭૦ મેટ્રિક ટન એટલે કે ૯૯.૯૦ ટકા જથ્થો પહોંચાડવામાં આવ્યો છે. જ્યારે ચણાના ૫,૮૮૫ મેટ્રિક ટન, તુવેરદાળના ૫,૯૭૮ મેટ્રિક ટન અને ખાંડના ૪,૧૯૪ મેટ્રિક ટનના જથ્થાનું ૧૦૦ ટકા પરિવહન પૂર્ણ કરવામાં આવ્યું છે.

ક્રિપ્ટોકરન્સીને સાચવતા બાઈનાન્સના વોલેટમાંથી ૬.૩ અબજ ડોલરની ચોરી થઈ ગઈ



છેલ્લા દસકામાં બિટકોઈન જેવી ક્રિપ્ટોકરન્સીમાં રોકાણકારોને ભારે નફો થયો હોવાથી ઘણાં લોકો પોતાની જિંદગીભરની કમાણી તેમાં લગાડી રહ્યાં છે. હકીકતમાં ક્રિપ્ટોકરન્સી માત્ર કોમ્પ્યુટરનું સોફ્ટવેર છે, જેને આપણે હાથમાં લઈ શકતાં નથી કે ખિસ્સામાં રાખી શકતા નથી. જો કોઈ કારણસર ઇન્ટરનેટ બંધ થઈ જાય તો આપણા બિટકોઈનનું મૂલ્ય શૂન્ય થઈ શકે છે. લોકો બિટકોઈનમાં આટલા મોટા પાયે રોકાણ કરી રહ્યાં છે, તેનું મુખ્ય કારણ એ છે કે બિટકોઈનને હેક કરી શકાતો નથી, પણ આ કારણ હવે સવાલના ઘેરામાં આવી ગયું છે. ક્રિપ્ટોકરન્સીને કદાચ હેક નહીં કરી શકાતી હોય, પણ ક્રિપ્ટોકરન્સીને જે લોકરમાં સંઘરવામાં આવે છે, તેને હેક કરી શકાય છે. AI ની શોધ સાથે આ હેકિંગની સંભાવના ઓર વધી ગઈ છે. તાજેતરમાં વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ બાઈનાન્સને હેક કરવામાં આવ્યું છે અને તેમાંથી અંદાજે ૬.૩ અબજ ડોલર અથવા આશરે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની રકમની ચોરી થઈ છે. બ્લોકચેન રિસર્ચ ફર્મ TRM લેબ્સે તો એવો દાવો કર્યો છે કે આ ચોરી ઉત્તર કોરિયાના હેકર્સ દ્વારા કરવામાં આવી હતી.

બાઈનાન્સના ૧૦૦ થી વધુ દેશોમાં ૩૦ કરોડથી વધુ નોંધાયેલાં વપરાશકર્તાઓ છે. એવો અંદાજ છે કે તેમાં ૨૦ થી ૨૫ લાખ ભારતીય વપરાશકર્તાઓ પણ નોંધાયેલા છે. એક હેકરે બાઈનાન્સની સુરક્ષા વ્યવસ્થા તોડીને તેની સિસ્ટમમાં પ્રવેશ કર્યો હતો અને એક જ ઝપાટામાં હજારો કરોડ રૂપિયાના ક્રિપ્ટોકોઈન્સ ચોરી લીધા હતા. હેકિંગની જાણ થયા પછી બાઈનાન્સે તાત્કાલિક ગ્રાહકોના ક્રિપ્ટોકરન્સીના ઉપાડને અટકાવી દીધો હતો, જેથી ચોરો વધુ પૈસા ઉપાડી ન શકે. બાઈનાન્સ કંપનીએ એમ પણ કહ્યું કે આગામી ૪૫ કલાકમાં ઉપાડ પરના પ્રતિબંધો હટાવી લેવામાં આવશે અને તેમના ગ્રાહકોનાં ભંડોળો સુરક્ષિત છે. જો કોઈ ગ્રાહકને કોઈ નુકસાન થાય તો કંપની તેમને વળતર આપશે. વધુમાં, કંપનીની સુરક્ષા ટીમ અને સાયબર નિષ્ણાતો હેકર્સનો પીછો કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. આ ચોરીને ક્રિપ્ટોના ઇતિહાસમાં સૌથી મોટી ચોરી માનવામાં આવે છે, પરંતુ તેવી ચોરી અગાઉ થઈ ચૂકી છે. ૨૦૨૫ માં બાયબિટ પરથી ૧.૫ અબજ ડોલરની ચોરી થઈ હતી. તે પછી રોનિન નેટવર્કમાંથી ૬ કરોડ ડોલરની ચોરી થઈ હતી.

ટુ ધ પોઈન્ટ
■ સંજય વોરા ■

બાઈનાન્સ એ વિશ્વનું સૌથી મોટું ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ છે. સરળ શબ્દોમાં કહીએ તો, તે ડિજિટલ કરન્સી માટેનું એક ઓનલાઈન માર્કેટપ્લેસ છે. જેમ લોકો શેરબજારમાં શેર ખરીદે છે અને વેચે છે, તેવી જ રીતે બાઈનાન્સ પર બિટકોઈન, Ethereum અને અન્ય ક્રિપ્ટોકરન્સીનો વેપાર થાય છે. વપરાશકર્તાઓ તેમની ક્રિપ્ટો સંપત્તિઓ જમા કરી શકે છે, તેમને એક ચલણમાં રૂપાંતરિત કરી શકે છે અને તેમનો વેપાર કરી શકે છે. બાઈનાન્સ ૨૦૧૭ માં લોન્ચ કરવામાં આવ્યું હતું અને વિશ્વભરમાં તેના ૩૦ કરોડથી વધુ નોંધાયેલા વપરાશકર્તાઓ છે. આટલી મોટી સંખ્યામાં વપરાશકર્તાઓના વ્યવહારોને હેન્ડલ કરવા માટે એક્સચેન્જે ડિજિટલ વોલેટ અને અન્ય તકનીકી સિસ્ટમોનો ઉપયોગ કરે છે. આ સિસ્ટમોમાંથી એક હોટ વોલેટ છે. આ ઇન્ટરનેટ-કનેક્ટેડ ડિજિટલ વોલેટ છે, જે એક્સચેન્જને વપરાશકર્તાઓની ડિપોઝિટ અને ઉપાડની વિનંતીઓ પર પ્રક્રિયા કરવાની મંજૂરી આપે છે. આ વોલેટ આ સાયબર હુમલાનો મુખ્ય ઘટક બન્યો હતો.

આ હુમલો ૨૯ ઓક્ટોબરના રોજ થયો હતો. હેકર્સ જાણતા હતા કે બાઈનાન્સના મુખ્ય સર્વર્સ અથવા બ્લોકચેનના મુખ્ય માળખાંમાં પ્રવેશ કરવો અશક્ય છે. તેથી, તેઓએ આંતરિક માર્ગનો ઉપયોગ કર્યો હતો. બાઈનાન્સની સિસ્ટમ પર સીધો હુમલો કરવાને બદલે હેકર્સે કંપનીના DevOps એન્જિનિયરના લેપટોપ સાથે ચેડાં કર્યાં હતાં. આ ચેડાં થયેલા લેપટોપે હેકર્સને બાઈનાન્સના સર્વિસ કન્ટેનર સુધી પહોંચ આપી હતી. તેઓએ EIP-૭૭૦૨ નામના સ્માર્ટ કોન્ટ્રાક્ટ પ્રોટોકોલનો ઉપયોગ કર્યો હતો. તેઓએ બાઈનાન્સ વોલેટને સ્વીપરમાં રૂપાંતરિત કર્યું, જેનાથી બધાં ભંડોળ બીજાં ખાતાંમાં ટ્રાન્સફર થઈ ગયાં હતાં. સિસ્ટમ તેને શોધી શકે તે પહેલાં હેકર્સે માત્ર ૩ મિનિટ અને ૨૪ સેકન્ડમાં ૧,૬૭,૪૬૪ થી વધુ ઇથેરિયમ અને ૬૩ અન્ય ટોકન્સ ગેરકાયદેસર રીતે ઉપાડી લીધા હતા, જેમાં ૧.૬ અબજ સ્ટેબલ કોઇન્સનો સમાવેશ થાય છે.

આ હેકથી વિશ્વભરના સાયબર નિષ્ણાતો ચોંકી ગયા છે, કારણ કે તેમાં બાહ્ય સિસ્ટમની નબળાઈ નથી, પરંતુ આંતરિક નિષ્ફળતાનું ભયાનક ઉદાહરણ છે. આ હેકિંગની ઘટના પણ આઘાતજનક છે, કારણ કે ક્રિપ્ટોકરન્સીનું સંચાલન કરતી સંસ્થાઓ અભેદ કિલ્લાઓ જેવા મજબૂત સુરક્ષા પગલાંઓનો ઉપયોગ કરે છે. સૌથી મોટી ખામી એ હતી કે એક સાદું લેપટોપ હેક કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર સિસ્ટમની એક્સેસ મળી ગઈ હતી. બાઈનાન્સની ટીમ હેકર્સને ઓળખવા અને બાકીના ભંડોળને પુનઃપ્રાપ્ત કરવા માટે તપાસ એજન્સીઓ સાથે ચોવીસ કલાક કામ કરી રહી છે. બાઈનાન્સ કંપનીએ તપાસ પૂર્ણ થયા પછી અને પરિસ્થિતિ સામાન્ય થઈ ગયા પછી વિગતવાર ટેકનિકલ પોસ્ટ-મોર્ટમ રિપોર્ટ અને અનામતના નવા પુરાવા પ્રકાશિત કરવાનું વચન આપ્યું છે, જે આ બાબતની સંપૂર્ણ ટેકનિકલ સત્યતા વિશ્વ સમક્ષ જાહેર કરશે. આ ઘટના બાદ ક્રિપ્ટોનાં રોકાણકારો હવે પ્રશ્ન કરી રહ્યા છે કે તેમાં રોકાણ કરવું કેટલું સલામત છે. ટેક કંપનીઓ શૂન્ય-વિશ્વાસ નીતિ હેઠળ કાર્ય કરે છે. આનો અર્થ એ થાય છે કે કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો, પોતાનાં કર્મચારીઓ પર પણ નહીં. જો કે, DevOps એન્જિનિયર પાસે એટલી બધી સત્તા હતી કે સિસ્ટમે તેના લેપટોપમાંથી મળેલા આદેશોને બહુવિધ મંજૂરીઓ વિના માન્ય તરીકે સ્વીકાર્યા હતા. જ્યારે સિસ્ટમમાંથી અચાનક ૬.૩ અબજ ડોલરની મોટી રકમ નીકળી રહી હતી, ત્યારે બાઈનાન્સની ઓટોમેટેડ રિસ્ક મોનિટરિંગ (AI) સિસ્ટમે તેને થોડીક સેકન્ડોમાં બંધ કરી દેવી જોઈતી હતી. આ સિસ્ટમના સક્રિયકરણમાં વિલંબને એક મોટી સુરક્ષા નિષ્ફળતા માનવામાં આવે છે. આ હેકથી ક્રિપ્ટો માર્કેટ હચમચી ગયું છે. આ ઘટનાને કારણે બિટકોઇન ૭૯,૦૦૦ ડોલરથી નીચે આવી ગયું અને લાખો ડોલરનું લિક્વિડેશન થયું છે. બાઈનાન્સ અને તપાસ એજન્સીઓએ અત્યાર સુધીમાં ઘણાં મોટાં પગલાં લીધાં છે. રોકાણકારોનો મુખ્ય ડર એ છે કે તેમની થાપણો ચોરાઈ જશે. બાઈનાન્સ અને તેના ભૂતપૂર્વ CEO ચેંગપેંગ ઝાઓએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેમના વપરાશકર્તાઓનાં ભંડોળ સંપૂર્ણપણે સુરક્ષિત છે. કંપનીએ ગ્રાહકોને ગુમાવેલા પૈસા માટે ૧૦૦ ટકા વળતર આપવાનું વચન આપ્યું છે.

ઉત્તર કોરિયાના હેકિંગ જૂથોનો ડિજિટલ ચોરીનો લાંબો ઇતિહાસ છે. ૨૦૧૪માં સોની પિક્ચર્સ ટેલિવિઝન પર થયેલા સાયબર હુમલા પાછળ પણ લાઝારસ ગ્રુપનો હાથ હતો. કિમ જોંગ ઉનની મજાક ઉડાવતી હોલીવુડ ફિલ્મ ધ ઇન્ટરવ્યુના વિરોધમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૫માં FBI એ બાયબિટ ક્રિપ્ટો એક્સચેન્જમાંથી ૧.૫ અબજ ડોલર મૂલ્યના ક્રિપ્ટોની ચોરી માટે તે જ ટ્રેડર ટ્રેટર યુનિટને દોષી ઠેરવ્યો હતો. સાયબર હુમલા હવે પાસવર્ડ ચોરી કરવા અથવા વેબસાઇટ બંધ કરવા સુધી મર્યાદિત નથી. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી હુમલાખોરો વધુ ઝડપથી નકલી ઓળખ, ફિશિંગ સંદેશાઓ અને તકનીકી હુમલાઓ કરી શકે છે. આ ઘટના બાદ ભારતમાં તેની અસર દેખાવા લાગી છે. CoinDCX એ અસ્થાયી રૂપે તેના ફ્યુચર્સ ટ્રેડિંગને રિડ્યુસ-ઓન્લી મોડમાં મૂક્યું છે. આનો અર્થ એ છે કે ગ્રાહકો તેમની હાલની પોઝિશન ઘટાડી અથવા બંધ કરી શકે છે, પરંતુ નવી પોઝિશન ખોલી શકતા નથી. જો કે, કંપનીએ જણાવ્યું હતું કે પ્લેટફોર્મ પર ડિપોઝિટ અને ઉપાડ ઉપલબ્ધ રહેશે. આ નિર્ણય મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે દર્શાવે છે કે મુખ્ય વૈશ્વિક એક્સચેન્જમાં સમસ્યાઓ ભારતીય પ્લેટફોર્મ સુધી પહોંચી શકે છે. લિમિનલના અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય ક્રિપ્ટો એક્સચેન્જોનો બાઈનાન્સ સાથે કોઈ પ્રકારનો સંબંધ છે. આ ઘટના કંપનીઓની કામગીરી ચાલુ રાખવા અને જોખમનું સંચાલન કરવાની ક્ષમતાની કસોટી છે. સરળ શબ્દોમાં કહીએ તો, ભારતીય એક્સચેન્જ તેના ગ્રાહકો પાસેથી ઓર્ડર લે છે, પરંતુ તે ઓર્ડર પૂરા કરવા માટે તેમને મોટા વૈશ્વિક બજારના સમર્થનની જરૂર પડી શકે છે. જો તે બજાર અચાનક બંધ થઈ જાય તો તે તેમની સિસ્ટમ પર દબાણ લાવી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

બાઈનાન્સના ૧૦૦ થી વધુ દેશોમાં ૩૦ કરોડથી વધુ નોંધાયેલાં વપરાશકર્તાઓ છે. એવો અંદાજ છે કે તેમાં ૨૦ થી ૨૫ લાખ ભારતીય વપરાશકર્તાઓ પણ નોંધાયેલાં છે

BUSINESS મિત્ર

વૈશ્વિક મંદી વચ્ચે ભારતીય શેરબજારે મારી છલાંગ, સેન્સેક્સ 81000ને પાર

અમેરિકા અને એશિયન બજારોમાં કડાકો બોલાવા છતાં FIIની લેવાલીથી સેન્સેક્સ 1718.01 પોઇન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: અમેરિકાના મધ્યસત્ર ચુંટણીના પરિણામો બાદ ગઈકાલે અમેરિકાના બજારોમાં ભારે કડાકો બોલાયો હતો. ખાસ કરીને એઆઈ સંબંધિત શેરોમાં કડાકો બોલાઈ જવાના કારણે આજે એશિયન બજારોમાં જોરદાર વેચવાલી હાવી રહી હતી. વૈશ્વિક બજારોમાં ખાનાખરાબી વચ્ચે ભારતીય શેરબજારમાં સુંદર પ્રદર્શન ચાલુ રહ્યું હતું અને આજે સેન્સેક્સે 81000 અને નિફ્ટીએ 25000 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી. જ્યારે બેન્ક નિફ્ટીએ પણ 59000 પોઇન્ટની સપાટી વટાવી દીધી હતી.

એઆઈ સંબંધિત શેરોમાં કડાકાભડાકાની વચ્ચે એફઆઈઆઈનું આજે પણ ભારતીય શેરબજારમાં લેવાલી જોવા મળી હતી. શરૂઆતમાં વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજાર લાલ નિશાનમાં ખુલ્યું હતું, પરંતુ શરૂઆતી મિનિટોમાં જ ખરીદી ચાલુ થઇ જતાં શેરબજાર પોઝિટિવ આવ્યું હતું અને છેલ્લે દિવસના ઉપલા સ્તરે બંધ રહ્યું હતું. જોકે, બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો રહ્યો હતો.

સેક્ટર વાઇઝ જોઇએ તો પ્રાઇવેટ બેન્ક શેરોમાં તેજીનો પવન ફુંકાયો હતો, જેને ફાર્મા શેરોએ પણ ટેકો આપ્યો હતો. પીએસયુ બેન્કમાં પણ ધીમો સુધારો જોવાયો હતો. ઓટો શેરોમાં તેજી આગળ વધી હતી. આઈટી શેરો શરૂઆતમાં ગેપ અપ ઓપનીંગ કર્યા બાદ નફાવસુલીએ નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, લાર્જકેપ્સના આકર્ષક વેલ્યુએશનના કારણે રોકાણકારો ખરીદી કરતા જોવા મળ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 1718.01 પોઇન્ટ એટલે કે 2.17 ટકા ઉછળીને 81028.02 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 81028 પોઇન્ટના ઉપલા સ્તરે બંધ રહ્યા હતા, જ્યારે નીચામાં 79016 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. આમ, આજે સેન્સેક્સમાં 2000 પોઇન્ટની વધઘટ જોવા મળી હતી. જેમાં 1700 પોઇન્ટ ઉછળ્યો હતો. નિફ્ટીએ 25000 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી. આજે નિફ્ટી 493.75 પોઇન્ટ એટલે કે 2.01 ટકા વધીને 25030.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25030 પોઇન્ટની ઉપલી સપાટી સુધી વધી હતી, જ્યારે નીચામાં 24388 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1312.35 પોઇન્ટ એટલે કે 2.27 ટકા વધીને 59000 પોઇન્ટની સપાટી કુદાવીને 59086 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં 43.46 ગણા, બિલીયન બ્રેઇન્સ ગેરેજ વેન્ચર્સમાં 29.98 ગણા, સાંઇ લાઇફ સાયન્સીસમાં 15.52 ગણા, એસ્ટ્રલ લિ.માં 14.12 ગણા અને એપ્ટસ વેલ્યુ હાઉસીંગમાં 12.31 ગણા કામકાજ નોંધાયા છે.

વૈશ્વિક સ્તરે અમેરિકન બજારોની પાછળ એશિયન બજારોમાં ભારે કડાકો બોલાયો હતો. એઆઇ સંબંધિત શેરોમાં ચોતરફી વેચવાલીનું દબાણ રહ્યું હતું. ટ્રમ્પના પરાજય બાદ ડેટા સેન્ટર મામલે ડેમોક્રેટિક પાર્ટીનું વલણ નકારાત્મક છે, તેથી ભવિષ્યમાં એઆઇ કંપનીઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે.

ડોલર ધડામ, રૂપિયો 94ની નીચે

ક્રુડ ઓઇલના ભાવ ઘટીને 100 ડોલરની નીચે ઉતરી ગયા છે, અને બોન્ડ યીલ્ડ પણ નીચા રહેતા આજે રૂપિયામાં મજબૂતાઇ આગળ વધી હતી અને રૂપિયો રૂ.57 પૈસા ઉછળીને 94ની નીચે સરકી ગયો હતો અને 93.91ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.48ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.51, પાઉન્ડ 125.21, કેનેડિયન ડોલર 66.60, ઓસ્ટ્રેલિયન ડોલર 64.79, જાપાનીઝ યેન 0.5934 અને સીંગાપોર ડલર 73.36ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	93.91 રૂ.
યુરો	105.51 રૂ.
પાઉન્ડ	125.21 રૂ.
યેન	0.5933 રૂ.

સેન્સેક્સ	1718.01	81028.02
નિફ્ટી	493.75	25030.35
બેન્ક નિફ્ટી	1312.35	59086.00

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	5.11	3287.20
ICICI બેન્ક	4.75	1571.20
HDFC લાઇફ	3.95	565.30
એચડીએફસી બેન્ક	3.72	788.25
ટાઇટન કંપની	3.42	5000.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીએમપીવી	0.58	292.00
આઇશર મોટર	0.56	7669.50
પાવરગ્રીડ	0.48	259.90
શ્રીરામ ફાઇનાન્સ	0.30	961.15
ગ્રાસીમ ઇન્ડ.	0.02	3227.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	6.15	3295.00
ICICI બેન્ક	4.65	1569.00
HDFC બેન્ક	3.56	787.00
ટાઇટન કંપની	3.36	4994.00
એક્સીસ બેન્ક	3.19	1320.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	0.57	259.50

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ’’	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ’’	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ’’	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૧૪૫૬૭૦
તેજાબી સોનું	૧૪૫૫૮૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૩૯૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૨૭૬૦
સોનાનાં બિસ્કીટ	૧૪૫૬૭૦૦
ચાંદી (૯૯૯)	૧૮૯૦૦૦
ચાંદી સિક્કા	૧૯૦૫૦૦

રૂપિયામાં જોરદાર ઉછાળો, 94ની નીચે સરક્યો

એફઆઇઆઇ પરત ફરતા અને ક્રુડ ઓઇલના ભાવ ઘટતા રૂપિયામાં મજબૂતાઇ

નવી દિલ્હી, તા. 6: છેલ્લા કેટલાક સમયથી રૂપિયામાં ધીમે ધીમે સુધારો જોવા મળી રહ્યો છે, જેમાં ગઇકાલે રૂપિયો 94.50ની નીચે સરકી ગયો હતો, પરંતુ આજે 94ની નીચે સરકી ગયો. જે રૂપિયાનું સુંદર પ્રદર્શન રહ્યું હતું. આજે ડોલરની સામે રૂપિયામાં 57 પૈસાનો મજબૂત ઉછાળો જોવા મળ્યો હતો. જોકે, આજે રૂપિયાની શરૂઆત નબળી રહી હતી, જે 94.50ની ઉપર ખુલ્યો હતો, પરંતુ ધીમે ધીમે રૂપિયો સુધરતો જોવા મળ્યો હતો. ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા અનુસાર ક્રુડ ઓઇલના ભાવોમાં રાતોરાત વધારા અને ડોલરની રીકવરીએ રૂપિયા પર દબાણ ઉભું કર્યુ હતું. પરંતુ અમેરિકાની મધ્યસત્ર ચુંટણીના પરિણામો બાદ સ્થિતિ બદલાઇ છે અને ક્રુડ ઓઇલના ભાવ નીચે ઉતરી ગયા છે.

વિદેશી મિલ્કત ભૂલથી રીટર્નમાં બતાવવાની રહી ગઇ હોય તો ?

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

બ્લેક મની એક્ટ 2015 ની કલમ-42 અને 43 અંતર્ગત ભારતીય રહીશે પોતાના ઈન્કમટેક્ષ રીટર્નમાં FA કોલમમાં આવી વિદેશી સંપત્તિ જેવી કે વિદેશમાં બેંક ખાતા, ભારત બહાર શેર્સ, સ્ટોક, મ્યુ. ફંડમાં રોકાણ, સ્થાવર મિલ્કતો જણાવવી પડશે. આવી તમામ મિલ્કતો ખરીદીના વર્ષમાં અને ધારણ કરેલ પછીના વર્ષમાં દર્શાવવી જરૂરી છે. ઈન્કમટેક્ષ રીટર્ન ફોર્મ નં.1 અને 4 માં આ અંગેની કોલમ નહિ હોવાથી આ રીટર્ન ભરી શકાશે નહિ. તમરી ધંધાકિય આવક હોય તો ITR-3 અથવા અન્ય આવક હોય તો ITR-2 ભરવું પડશે.

બિન રહીશો એ જાહેર કરવાની છે?

બિન રહીશો (Non- Resident) અને રહીશ પણ સામાન્ય રહીશ નહિ (R but Not OR)એ આવી મિલ્કત જાહેર કરવાની નથી કારણ કે તેમની ભારત બહારની આવક આવકવેરા કાયદા અન્વયે ભારતમાં કરપાત્ર નથ.

વિદેશી સંપત્તિ ભારતીય રહીશ (Resident) વ્યકિતઓએ રીટર્નમાં જાહેર કરવાની છે. ભારતીય રહીશની વ્યાખ્યા મુજબ જે તે નાણાંકિય વર્ષમાં ભારતમાં 182 દિવસ કે તેથી વધારાનો વસવાટ ધરાવતા હોય.

અથવા જે તે નાણાંકિય વર્ષમાં 60 કે તેથી વધારાનો વસવાટ ધરાવતા હોવા સાથે અગાઉના 4 નાણાંકિય વર્ષમાં 365 દિવસ કે તેથી વધારાનો વસવાટ ધરાવતા હોય તો આમાંની એક પણ શરતને આધિન ‘રહીશ’ની વ્યાખ્યામાં આવી શકાય.

જાહેર નહિ કરવા માટે દંડ

બ્લેક મની કાયદાની આ કલમ હેઠળ આવી વિદેશી સંપત્તિ જાહેર નહિ કરવા પર 10 લાખનો દંડ લાગુ પડે છે. પરંતુ 1-10-2024 થી રકમ જાહેર કરવા અંગેની મર્યાદા મિલ્કતની કિંમત 20 થી વધુ હોય તેને જ લાગુ પડશે. જંગમ મિલ્કત માટે આ વિશેષ રાહત છે સ્થાવર મિલ્કત માટે નથી.

રીટર્નમાં ભૂલથી દર્શાવવાનું રહી જાય તો ?

કુમાર રમનાથન વિ. ડેપ્યુટી ડાયરેકટર ઓફ ઈન્કમટેક્ષના ચેન્નાઈ ટ્રીબ્યુનલના કેઈસમાં આ ભારતીય રહીશે પોતાના ભારતના મ્યુ. ફંડના વેચાણમાંથી વિદેશી કંપનીમાં રોકાણ કરેલું અને મ્યુ.ફંડના વેચાણ ઉપર ટેક્ષ ભરેલો હતો. જે રકમ FEMA કાયદાનું પાલન કરતા LRS સ્કીમ અંતર્ગત વિદેશ મોકલેલ (Remittance) છેવટે વિદેશી રોકાણ વેચતા નથી નુકશાની રીટર્નમાં બતાવી દીધી હતી પરંતુ ભૂલથી આ વિદેશી રોકાણ રીટર્નની કોલમ FAમાં બતાવવાનું રહી ગયું હતું. જેને ક્ષમ્ય (Technical) અપરાધ ગણીને 10 લાખ રૂપિયાની પેનલ્ટી માફ કરી હતી. બેંચે મુંબઈ સ્પેશિયલ બેંચના વિનિલ વેણુગોપાલના ચૂકાદા સાથે હૈદરાબાદ તથા ચેન્નાઈ બેંચના ચૂકાદાનો આધાર લીધો હતો કે જેમાં એવું ઠરાવ્યું હતું કે કરદાતા દ્વારા આવી વિદેશી મિલ્કત ભૂલથી બતાવવાની રહી ગઈ હતી. કોઈ ખોટો (Malatide) ઈરાદો ન હતો. અજાણતા થયેલ ભૂલ માફીને પાત્ર છે. હૈદરાબાદ બેંચના ચૂકાદામાં વર્ષો વર્ષ એખ જ રોકાણ બતાવવાનું કોઈક વર્ષમાં ચૂકી જવાયું હતું તા શો કોઝ આપીને શુધ્ધબુધ્ધિપૂર્વકની આવી ભૂલ કે જેમાં અગાઉના વર્ષમાં રોકાણના સ્ત્રોત (SOURCE) નો સંતોષ કારક ખૂલાસો આપેલો હતો.

ખાંડ અને ડ્રાયફ્રૂટ્સ મોંઘા થતાં દિવાળીમાં મીઠાઈના ભાવ 9% વધ્યા

મીઠાઈના ભાવ સરેરાશ 9 ટકા વધુ,ખાંડ 30 ટકા અને તેલ 15 ટકા મોંઘા થયા

તહેવારોની મોસમમાં બોક્સ દીઠ રૂ. 20થી 30નો વધારો

મુંબઈ, તા. 6: ખાંડ, રસોઈનું તેલ, કિસમિસ અને સૂકા મેવા (નટ્સ) ના ભાવ વધવાને કારણે મીઠાઈનો ખર્ચ વધી રહ્યો છે. આ સ્થિતિમાં, તહેવારોની મોસમ દરમિયાન મીઠાઈના ભાવમાં પણ વધારો જોવા અમલી રહ્યો છે. કેટલાંક હલવાઈ કાં તો ભાવ વધારી રહ્યા છે અથવા તો કેટલાંક વધેલો ખર્ચ પોતે જ ભોગવી રહ્યા છે. ભારતભરની દુકાનો, કચેરીઓ અને ઘરોમાં મીઠાઈના રંગબેરંગી બોક્સનો ઢગલો થઈ રહ્યો છે, દેશ દિવાળીની ઉજવણી કરવાની તૈયારી કરી રહ્યો છે અને મીઠાઈની આપ-લે કરવી એ આ તહેવારની મુખ્ય પરંપરાઓમાંની એક છે. ખાંડ, જે લગભગ દરેક ભારતીય મીઠાઈનો મુખ્ય ઘટક છે, તેનો ભાવ ગયા વર્ષની સરખામણીમાં સપ્ટેમ્બર મહિનામાં લગભગ 30 ટકા વધારે છે.